# <u>વ્યભિચાર હવે ગુનો નથી - શા માટે ?</u>

૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સર્વોચ્ચ અદાલતની પાંચ સભ્યોની મુખ્ય ન્યાયમુર્તિ દિપક મિશ્રાની અધ્યક્ષતા યુકત ખંડપીઠે નોંધપાત્ર ચુકાદો જોસેફ શાઈન વિ. યુનિયન ઓફ ઈન્ડીયાના કેસમાં આપ્યો, જેમાં ભારતીય દંડ સંહિતાની કલમ-૪૯૭ ને ‘‘ગેર-બંધારણીય’’ જાહેર કરી. તે દિવસથી સમાચારો અને સોશ્યલ મિડિયામાં આ ચુકાદાના સંબંધમાં વિવિધ સકારાત્મક અને નકારાત્મક ટીકાઓ પ્રવાહિત થઈ રહેલ છે. આ લેખથી અમે એ સમજાવવા પ્રયત્ન કરેલ છે કે, કેમ અને કઈ રીતે એપેક્ષ કોર્ટ દ્વારા આવો બિન-પૂર્વ દ્રષ્ટાતિય ચુકાદો આવેલ છે. ખંડપીઠીકાના તમામ સભ્યો તેમના નિર્ણયમાં એકમત રહેલ છે.

ઉપરોકત ચુકાદાની સર્વોચ્ચ અદાલતે આ પૂર્વે યુસૂફ અબ્દુલ અઝીઝ વિ. સ્ટેટ ઓફ બોમ્બે, સૌમીથ્રી વિશ્નુ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ, રેવથી વિ. યુનિયન ઓફ ઈન્ડીયા અને બીજાઓ અને ડબલ્યુ કલ્યાણી વિ. રાજય ઈન્સ્પેકટર ઓફ પોલીસ અને બીજાઓના કેસોમાં આપેલા નિર્ણયોને ઉથાપેલ છે.

આ લેખ સ્થિતિની સમજુતી સંક્ષિપ્ત પણે જ કરે છે.

હવે સર્વપ્રથમ આપણે લાગુ પડતી સંબંધિત કલમની કાયદાકીય સ્થિતિને સમજીએઃ

૧. કલમ-૪૯૭ (આઈ.પી.સી) ભારતીય દંડ સંહિતા :-

જે કોઈ વ્યકિત કોઈ સ્ત્રી બીજા પુરૂષની પત્ની હોવાનુ પોતે જાણતી હોય, અથવા પોતાને એમ માનવાને કારણ હોય તેની સાથે તે પુરૂષની સંમતિ કે ગર્ભિત સંમતિ વિના સંભોગ કરે અને સંભોગથી બળાત્કારનો ગુનો થયો ન ગણાય, તો તે વ્યભિચારનો ગુનો કરે છે અને તેને પાંચ વર્ષની મુદત સુધીની બેમાંથી કોઈપણ પ્રકારની કેદની અથવા સાથે દંડની અથવા તો બંન્ને શિક્ષા કરવામાં આવશે, આવા દાખલામાં સ્ત્રીને દુષ્પ્રેરક તરીકે શિક્ષા કરવામાં આવશે નહી.

૨. કલમ-૧૯૮, ફોજદારી કાર્યરીતિ સંહિતાની લગ્ન વિરોધી ગુનાઓ માટે ફોજદારી કાર્યવાહીઓ જોગવાઈઓ કરવામાં આવેલ છે. કલમ-૧૯૮(૨) જણાવે છે કે,

પેટા-કલમ-(૧) ના હેતુઓ માટે, સ્ત્રીના પતિ સિવાયની અન્ય કોઈપણ વ્યકિતને કહેવાયેલ સંહિતાની કલમ-૪૯૭ અથવા ૪૯૮ હેઠળ શિક્ષાપાત્ર થતાં કોઈ ગુના માટે નારાજ થયેલ હોવાનું માની લેવામાં નહિ આવેઃ સિવાય કે, પતિની ગેરહાજરીમાં, આવા ગુનાનો બનાવ સમયે તેની (પતિની) હાજરીમાં તેવી સ્ત્રીની સંભાળ તેણીના પતિ વતી લેતો હોય તે ઈચ્છે તો કોર્ટની પરવાનગીથી તેના વતીથી ફરિયાદ કરી શકે.

પીઠીકાએ દર્શાવેલ છે કે, આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવેલા ત્રણ કારણોને ધ્યાને લેવામાં આવેલ છેઃ (૧) કલમ- ૪૯૭ થી વ્યભિચારી વ્યકિત વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી કરવા અધિકાર પતિને આપવામાં આવેલ છે. તે હેઠળ પત્નીને એવી સ્ત્રી જેની ઉપર તેણીના પતિએ વ્યભિચાર કરેલો હોય તેની સામે ફોજદારી કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવેલી નથીઃ (૨) કલમ- ૪૯૭ થી પત્નીને તેના પતિએ અન્ય સ્ત્રી સાથે કરેલા વ્યભિચાર માટે તેણીને તેના પતિ વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી કરવાની સત્તા આપવામાં આવતી નથી અને (૩) કલમ-૪૯૭ થી પુરૂષના અપરણિત સ્ત્રી સાથેના જાતિય સંબંધો આવૃત્ત થતાં નથી અરજદારની કોર્ટ સમક્ષની રજુઆત એવી હતી કે, કલમ-૪૯૭ હેઠળ કરવામાં આવેલુ વર્ગીકરણ અવાસ્તવિક અને "વિવાદી" છે. વધુમાં અને એવી પણ વિનંતી પૂર્વકની રજુઆત કરવામાં આવી હતી કે પ્રાથમિકપણે આ જોગવાઈ સ્ત્રીઓ માટે લાભદાયી હોવાનું જણાય છે, પરંતુ વાસ્તવિકતામાં તે સ્વાતિત્વની ભાવના ઉપર આધારિત છે "જેના મૂળ એવી ધારણમાં રહેલા છે કે, સ્ત્રીએ ચીજ-વસ્તુઓની જેમા માણસોની મિલ્કત છે."

નામદાર કોર્ટ કલમ-૪૯૭ ધ્યાને લેતા ઠરાવ્યુ કે, કોઈને એવુ લાગે કે પત્નીને પીડિત તરીકે દુષ્પ્રેરક તરીકે જવાબદાર ઠરાવી શકાશે નહિ. તેથી સામાન્ય ધારણા અનુસાર ફોજદારી કાયદો લિંગ તટસ્થતા આધારિત છે તે બાબત અંહિ નિરર્થક પુરવાર થાય છે.

વધુમાં કલમમાં વાપરવામાં આવેલી ભાષા એવી છે કે ગુનાના સંજોગો એકવાર પતિ સંમતિ અથવા સગવડ હોવાનું પ્રસ્થાપિત થાય તેથી નાશ પામે છે. આથી સ્ત્રીને ચીજવસ્તુ તરીકે ગણવામાં આવે છે, તેનાથી તેણીને પુરુષની મિલ્કત હોય તે રીતે સમજવામાં આવે છે અને તેની ઈચ્છા તેના માલિકની ઈચછાથી ગૌણ બને છે, જે બાબતો દંડનીય જોગવાઈઓ ઘડવામાં આવી તે સમયે પ્રચલિત હતી. આમ થવાની સ્ત્રીના પુરૂષો સાથેના લગ્નથી તેઓ આ બિનશંકાસ્પદ રીતે પતિને આધીન હોવાનું અને બંધારણના અનુચ્છેદો ૧૪ અને ૧૫ નો ભંગ થતો હોવાનો ખ્યાલ પ્રવર્તમાન થાય છે.

અંહિ એ નોંધવુ રસપ્રદ છે કે, કલમ-૪૯૭ થી અપરણિત સ્ત્રી સાથેના અથવા વિધવા સાથેના લગ્નેત્તર સંબંધોને કલમ-૪૯૭ ના વ્યાપમાં લાવવામાં આવેલ નથી બ્લેક કાનુની શબ્દકોષ અનુસાર, “વ્યભિચાર” એટલે લગ્ન કરેલ વ્યકિતના ગુનો કરનાર ના પતિ અથવા પત્ની સિવાયની અન્ય વ્યકિત સાથેનો સ્વૈચ્છીક સંભોગ, જયારે બીજી તરફ જોગવાઈ દોરવામાં આવેલા નિયંત્રણોથી કોઈ પુરૂષ કેટલીક પરિસ્થિતિમાં નિયંત્રણ આધારિત અનુસષાંગિકતાઓથી કરેલા વ્યભિચાર માટે ગુનાઈત જવાબદારી માટે પાત્ર ઠરે છે જયારે, બીજી પરિસ્થિતિમાં તેણે કરેલા વ્યભિચાર માટે કલમ-૪૯૭ હેઠળની ગુનેગારી આમંત્રિત થતી નથી. બીજી તરફ કલમ-૧૯૮(૨) અનુસાર વ્યભિચારીની પત્નીને નારાજ વ્યકિત તરીકે ગણવામાં આવેલ નથી તેથી ગુના માટે નારાજ થનારી વ્યકિતઓની સંભવિત વ્યાખ્યામાં બંન્ને રીતે અબાધિતપણે અને સ્પષ્ટ રીતે વિવાદી હતી.

એપેષ કોર્ટ પુરાણોમાંથી કેટલાક શ્લોકોને સમાવિષ્ટ કરેલ છે જે કોઈપણ સભ્ય સમાજમાં સ્ત્રીની ગરિમાને સંબંધિત છે.

કોર્ટ નિર્ણિત કરેલ છે કે, વ્યભાચિારનો ગુનાને પતિને થતી ઈજા તરીકે ગણવામાં આવતો હતો, ત્યારથી તેની મિલ્કતની “ચોરી” તરીકે ધ્યાને લેવામાં આવતો હતો જેના માટે તે ગુનેગાર વિરૂદ્ધ ફોજદારી કાર્યવાહી કરી શકતો હતો કહેવાયેલ વર્ગીકરણ વર્તમાન

સમયમાં યર્થાથ રહેવા પામેલ નથી અને તે અનુચ્છેદ ૧૪ ના પરિક્ષણ સાથે સુસંગત નથી અને તેટલા માત્ર કારણથી જ રદ થવા યોગ્ય છે. નામ. કોર્ટ વધુમાં ઉમેર્યુ છે કે, ‘‘જે કાયદાથી પત્નીને તેના ફોજદારી કાર્યવાહી કરવાના અધિકારથી વંચિત કરતા હોય તેવી લિંગ-તટસ્થ જોગવાઈ કલમ-૪૯૭ નથી જેનાથી પત્નીને તેણીના વ્યભિચારી પતિ વિરૂદ્ધ લગ્નજીવનની શિથિલતા માટે ફોજદારી કાર્યવાહી કરવાના અધિકારથી વંચિત રખાયેલ છે જે સ્ત્રીઓ વિરૂદ્ધ એક-પક્ષીય ભેદભાવયુકત છે અને તેથી અનુચ્છેદ-૧૪ નો ભંગકર્તા છે. જે ઐતહાસિક પૃષ્ઠભૂમિમાં જયારે તેનુ ઘડતર કરવામાં આવેલુ હતુ ત્યારે સ્ત્રીઓના રક્ષણ માટે સર્વથા ઉચિત વૈદ્યાનિક કાયદો હતો, સૈકાના વહી ગયેલ સમયથી, તે કદાચિત નિરર્થક અને પૌરાણિક બની ગયેલ છે. કલમ-૪૯૭ નું ઘડતર કરવામાં આવ્યુ તે સમયની ઐતહાસિક પૃષ્ઠભૂમિ વર્તમાન સમયના સમાજ માટે સંબંધિત રહેવા પામેલ નથી. જયારે પરણિત સ્ત્રી સ્વૈચ્છાપૂર્વક અને જાણકારી સાથે અન્ય પરણિત પુરુષ સાથે સંવેદનશીલ જાતિય સંબંધોમાં પ્રવેશે તે ‘‘પીડિત’’ અને પુરૂષ ગુનેગાર તે વ્યભિચારી છે એવા આધારે આગળ વધવુ અવાસ્તવિક ગણાશે.

કલમ-૪૯૭ ના લાભમાં કરવામાં આવેલી બીજી દલીલ એ છે કે, અનુચ્છેદ ૧૫(૩) એ સ્ત્રીઓ અને બાળકોના લાભમાં અને તેઓના નાગરિક તરીકેના દરજજાને ઉચો લાવવા અને તેમના રક્ષણ માટેના કાયદાઓનું ઘડતર કરવાની રાજયને સત્તા આપે છે અને તેથી તેનાથી સ્ત્રીઓના ફોજદારી કાર્યવાહી કરવાના અધિકારને છીનવી લેવાને ‘‘લાભદાયી કાયદા’’ તરીકે ગણી ના શકાય. વધુમાં અનુચ્છેદ ૧૫(૩) નો હેતુ સ્ત્રીઓની સામાજિક-આર્થિક સમયીતામાં વધારો કરવા માટેનો છે અને તેને દંડનીય અનુષાંગિકતા ધરાવતા ગુનામાંથી અપવાદ કરનાર તરીકે સંચાલિત થઈ શકે નહિ.

* કોર્ટે સમજાવ્યુ છે કે, તેમના પૂર્વેના નિર્ણયો બંધારણના અનુચ્છેદ ૧૫(૩) હેઠળની જોગવાઈઓ આધારિત છે જેમાં જણાવાયેલ છે કે, ‘‘આ અનુચ્છેદમાં આપેલુ કશુપણ

રાજયને સ્ત્રીઓ ... માટે કોઈપણ વિશેષ જોગવાઈ કરતા અટકાવી શકશે નહિ. તેમ છતાં, હાલની પીટીશનમાં દલીલ કરવામાં આવેલ છે કે ઉપરોકત ખંડની જોગવાઈઓ ફકત સ્ત્રીઓને લાભકારક હોય તેની સાથે સંબંધિત હોઈ શકે અને તેનો ઉપયોગ તેમને ગુનો કરવાનું અને ગુનાનું દષ્પ્રેરણ કરવાનું લાયસન્સ આપવામા માટેનો ના હોઈ શકે. કોર્ટ પૂર્વેના ચુકાદા માટે ટીપ્પણી કરેલી છે અને કહ્યુ છે કે, ‘‘અમે આવું કોઈ નિયંત્રણ ખંડમાંથી વાંચી શકેલ નથીઃ તેમજ અમે એ બાબતે સહમત થઈ શકતા નથી કે જે જોગવાઈથી દંડ માટે નિષેધ ફરમાવાયેલ હોય તેનાથી એવો ગુનો કરવા માટેનું લાયસન્સ કે જે ગુના માટે શિક્ષાનો નિષેધ હોય તે પ્રાપ્ત થાય છે.’’

* ૨૦૦ પાનાના વિગતવાર ચુકાદામાં કોર્ટ દુનિયાના વિવિધ દેશોમાં વ્યભિચાર માટેની સ્થિતિ દર્શાવેલ છે અને ભાર મુકેલ છે કે, ઘણા બધા દેશોએ વ્યભિચારને ફોજદારી ગુનામાંથી રદ કરેલ છે. હકીકતમાં આઈ.પી.સી. નો પ્રથમ મુસદો લો-કમિશને ૧૮૩૧ માં પ્રકાશિત કરેલો હતો, જેમાં ‘‘વ્યભિચાર’’ ને ગુનામાં સમાવિષ્ટ કરવામાં આવેલ ન હતો કારણ કે લોર્ડ મેકલે એવોઅભિગમ ધરાવતા હતા કે લગ્નની શિથીલતાએ પક્ષકારો વચ્ચેનું ખાનગી અતકૃત્ય છે અને તે ફોજદારી ગુનો નથી તેવુ પણ ચુકાદામાં કહેવાયેલ છે નામ. કોર્ટ વિવિધ લો-કમિશનના અહેવાલો ભારતના કાયદા પંચનો ૪૨ મો અહેવાલ, જુન, ૧૯૦૧, ભારતના કાયદા પંચનો ૧૫૭મો અહેવાલ, ઓગષ્ટ ૧૯૯૭ અને માર્ચ ૧૯૯૩ ના અહેવાલમાં મલીમથ્ય સમિતિએ ફોજદારી ન્યાયિક પધ્ધતિ ઉપરનો જેમા કલમ ૪૯૭ ના વિવિધ પાસાઓ અને તેને વર્તમાન સમાજિક પ્રવાહોમાં તેની આવશ્યકતા માટે પુનઃવિચારણા કરવાની આવશ્યકતા હોવાનું જણાવેલ છે.

* પીટીશનરોએ એવી દલીલ પણ કરેલી છે કે, અનુચ્છેદ ૨૧ હેઠળ ખાતરી આપવામાં આવેલ અંગત સ્વતંત્રતાનો અધિકાર બે વયસ્ક વ્યકિતઓ વચ્ચેના આપસી સહમતિથી કરતા જાતિય સંબંધોમાં પ્રવેશના અધિકારનો સમાવેશ થાય છે ભલે પછી આવા સંબંધો

લગ્ન બહારના હોય અને તેણીની પસંદગી છે કે લગ્નેતર હોય તેવા પક્ષકારો સાથેના ઘનિષ્ટ સંબંધો હોય, તે વ્યકિતની શારીરિક બાબતેના વિસ્તારની વ્યકિતગત અધિકારના વિસ્તારમાં આવૃત્ત થાય છે. દરેક અધિકારની જેમ જ અંગત સ્વિતંત્રતાનો અધિકારએ અબાધિત અધિકાર નથી અને તે વ્યાજબી નિયંત્રણોને આધીન છે જયારે જાહેર હિત નહી કાયદેસરતા સંઠડોવાયેલી હોય પરંતુ અંગત સ્વતંત્રતા બાબતે રાજય દ્વારા કરવામાં આવતો વિકોપ કાયદાથી વ્યાજબીપણા અને યર્થાથતાના આધારે ન્યોયચિત હોવો જોઈએ. નામ. કોર્ટ કલમ- ૪૯૭ નું વિગતવાર વર્ણન જણાવેલ છે કે, તેવા વિક્ષેપ કે એસ પુટ્ટસ્વામી (નિવૃત્ત) અને બીજાઓ વિ. યુઓઆઈ ના ચુકાદાથી ઠરાવેલી ત્રિ-સ્તરીય આવશ્યકતાઓનુ પુર્તતા રાજય દ્વારા વ્યકિતગત અંગત સ્વિતંત્રતા પરત્વે હસ્તક્ષેપ કરવા માટે ધ્યાને લેવાવી જોઈએ જે (૧) કાયદેસરતા, જેમાં કાયદાના અસ્તિત્વનો ખ્યાલ (૨) રાજયના કાયદેસર હિતની શરતો વ્યાખ્યાઈન કરવાની આવશ્યકતાઓ (૩) ઉદ્દેશ્ય અને સ્વીકારવામાં આવેલ માધ્યમ વચ્ચેનો વ્યવહારિક સંબંધિતા સુનિશ્ચિત કરીને તેની અગ્રીમતા નિશ્ચિત કરવાની રહે. કોર્ટે ઠરાવ્યુ છે કે, આજની તારીખે કલમ-૪૯૭ જે રીતે સ્થિત છે, તેથી ત્રિ-સ્તરીય આવશ્યકતાને પહોંચી વળવામાં નિષ્ફળ નિવડે છે અને તેથી તે ફરજિયાતપણે રદ કરાવી જોઈએ.

* કોર્ટ દ્વારા પૃથ્થકરણ કરાયેલ અન્ય પાસુ એ છે કે, શું વ્યભિચારને ફોજદારી ગુના તરીકે ગણવો કે નહિ. આ પ્રશ્ને, પ્રતિવાદીએ આક્ષેપ કરેલ છે કે, વ્યભિચારએ બે વ્યકિતઓની સંમતિ થયેલ કૃત્ય છે તેનાથી લગ્નની નૈતિકતાને કોઈ રીતે બાધ આવતો નથી. સમાજ ઉપર તેની અસરથી કુટુંબનું મુળભુત એકમ તુટી જાય છે, જેનાથી ફકત વ્યભિચારીના પતિ/પત્નીને અસર પહોંચે છે, તેની અસર બાળકોને, કુટુંબને અને સામાન્ય પણે સમાજને સામાન્ય વિકાસ અને કલ્યાણ ઉપર અસર પહોંચે છે અને તેથી તેના શિક્ષાત્મક અનુષાંગિકતાને આધીન હોવુ જોઈએ. પિઠીકાના એક સભ્યે આક્ષેપ કરેલ છે કે, સમગ્ર

ઈતિહાસમાં રાજય દ્વારા લગ્ન-સંસ્થાના વિવિધ પાસાઓ જેવા કે, લગ્ન માટેની ઉમર, લગ્નની કાયદેસર માન્યતા, વારસાઈ, અનુગામીઓ, ન્યાયિક છુટાછેડા, દત્તક અધિગ્રહણ વિ. કારણ કે ખાનગીહિતના આ બધા પાસાઓ સમાજ અને જાહેર જીવનના સમગ્ર કલ્યાણને અસરકર્તા છે તેમછતાં, ઉપરોકત દલીલ વિરૂદ્ધ કહેવાયુ છે કે, "કોઈ વ્યકિતની અંગત સ્વતંત્રતાથી તે/તેણીની તે/તેણીના જાતિય જીવનના સંબંધની પસંદગીની બાબત જીવનની ખુબજ અંગત સ્વતંત્રતાના ક્ષેત્રની છે. જેનું રક્ષણ જાહેર હિતમાં ફોજદારી શિક્ષાથી રક્ષિત થયેલ હોવુ જોઈએ. વ્યકિતનો આવો નિર્ણય લેવાની અંગત સ્વતંત્રતા જે સ્પષ્ટપણે અંગત છે જેમાં રાજય દ્વારા સંભવિત કાર્યવાહીથી હસ્તક્ષેપ કરવો "વ્યકિત" ના "સર્વોત્તમ હિતમાં હોય તેમજ કરવો જોઈએ. તેણીએ વધુમાં કહ્યુ હતુ કે "ગરિમા સાથે જીવન જીવવાના અધિકારમાં કોઈપણ જાહેર નિયંત્રણને આધીન નહિ હોવાનું અને રાજય દ્વારા સંપૂર્ણપણે આવશ્યક હોય તે સિવાય હસ્તક્ષેપ કરવામાં આવે તે અબાધિત આવશ્યકતા છે. કેવી વર્તણૂંક બાબતે રાજય દ્વારા ફોજદારી શિક્ષા દ્વારા હસ્તક્ષેપ કરવામાં આવે તેમાં, રાજયે એવુ ધ્યાને લેવુ ફરજીયાત છે કે, તેવા ખોટા કૃત્ય પરત્વે દિવાની વિકલ્પ ઉપલબ્ધતા પર્યાપ્ત છે કે નહિ, તેથી રાજય દ્વારા ફોજદારી કાર્યવાહીથી હસ્તક્ષેપ કરવો અનિવાર્ય નહિ બને.

ઉપરોકત સંજોગોના અભિગમે, પીઠીકાના તમામ સભ્યોએ એક મતે ઠરાવ્યુ છે કે :-

(૧) કલમ ૪૯૭ ને બંધાણના અનુચ્છેદો ૧૪,૧૫ અને ૨૧ ની જોગવાઈઓથી વિસંગત હોવાથી રદ કરવામાં આવે છે. તેમ છતાં, એ બાબતે શંકાનું કોઈ આવરણ નથી કે વ્યભિચાનરએ કોઈપણ પ્રકારના દિવાની ગુના જેમા લગ્ન-વિચ્છેદ સમાવિષ્ટ હોય તેના માટેનું આધારભૂત કારણ ગણી શકાય અને તેથી કલમ-૪૯૭ એ છુટાછેડા માટેનો સબળ આધાર ગણાશે.

(૨) ક્રિ.પ્રો.કોડની કલમ ૧૯૮(૨) જેમાં આઈ.પી.સી. ના પ્રકરણ ૨૦ હેઠળની ફોજદારી કાર્યવાહીઓ માટેની કાર્યરીતિઓ ઠરાવાયેલ છે તે ફકત કલમ-૪૯૭ હેઠળના વ્યભિચારના ગુનાના સંબંધમાં લાગુ પડતી હોય તેટલા અંશે ગેર બંધારણીય ગણાશે.